## ટાર્ગેટ પુસ્તકની ગુજરાતી આવૃત્તિ




એનએસઈએલમાં ઊભી કરાયેલી કટોકટીનો ઉપયોગ કરીને જિજ્ઞેશ શાહે સર્જેલા માર્કેટ સામ્રાજ્યને તોડી પાડતી રાજકીય ષડયંત્ર પર શાંતનુ ગુહા રે (ડાબે)ના પુસ્તક ધ ટાર્ગેટની ગુજરાતી આવૃત્તિના વિમોચનના અવસરે તેમની જોડે વિતરક ઓથર્સઅપફ્રન્ટના મનીષ પુરોહિત.

# જિજ્ઞેશ શાહ રાજકીય કાવાદાવાનો ભોગ બન્યા

## ગુહા રેનો પુસ્તકમાં દાવો : હવે ગુજરાતી આવૃત્તિ પ્રસિદ્ધ

ભાસ્કર ન્યૂઝ | મુંબઈ

ગુજરાતીઓની ઉદ્યોગ સાહસિકતા અને માર્કેટની નાડપારખુ શક્તિ સમગ્ર વિશ્વમાં જાણીતી છે. ભારતીય ઔદ્યોગિક જગતના ઈતિહાસમાં એક નહીં પણ અનેક વખત ગુજરાતીને ખતમ કરવાના અનેક કારસાઓ ઘડાયાના દાખલા છે. ગુજરાતી સાથે અન્યાયનો આ સિલસિલો હજુ પણ ચાલુ છે. બહુ જ નાની વયે પોતાના બૌદ્ધિક કૌશલ્યથી ભારતમાં એક વિશ્વ કક્ષાની માર્કેટ ખડી કરનાર જિજ્ઞેશ શાહના વિજયરથને રાજકીય કાવાદાવા અને નિમ્ન કક્ષાના ષડયંત્ર દ્વારા તોડી પડાયું તેનું આલેખન વરિષ્ઠ પત્રકાર શાંતનુ ગુહા રેએ 'ધ ટાર્ગેટ' નામના પુસ્તકમાં કર્યું છે.

પુસ્તકની અંગ્રેજી આવૃત્તિને મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદના કારણે ગુજરાતી આવૃત્તિ પ્રગટ કરાઈ છે. આ પુસ્તકની અંગ્રેજી આવૃત્તિ બજારમાં મૂકવામાં આવ્યાના ૯૦ દિવસમાં જ 'એમેઝોન' પર 'બિઝનેસ અને ઈકોનોમી' કેટેગરીમાં વિશ્વમાં સૌથી વધુ વેચાતા 'નંબર ૧' પુસ્તક તરીકેનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. એટલું જ નહીં, અગ્રણી બુક સ્ટોર 'ક્રોસવર્ડ'માં પણ સૌથી વધુ વેચાતા પુસ્તક તરીકેનું સ્થાન મેળવ્યું હતું.

'ધ ટાર્ગેટ' પુસ્તક તેના નામ અનુસાર દર્શાવે છે કે જિજ્ઞેશ શાહને લક્ષ્ય બનાવવામાં આવ્યા હતા. આ પુસ્તકમાં એનએસઈએલ પ્રકરણના સંખ્યાબંધ અનુત્તર સવાલોના જવાબ મળી રહે છે. કેટલાંક સ્થાપિત હિતોએ પોતાના છૂપા ઈરાદાસર જિજ્ઞેશ શાહને એક્સચેન્જના બિઝનેસમાંથી કેવી રીતે બહાર ધકેલી દીધા તેનું પુસ્તકમાં સવિસ્તર વર્ણન કરાયું છે. આ સ્થાપિત હિતો કોણ હતાં અને તેમના બદઈરાદાઓ કયા અને કેવા હતા તેની પર શાંતનુએ પુસ્તકમાં પ્રકાશ પાડ્યો છે અને દેશમાં ચાલતી રાજકારણીઓ અને અમલદારશાહીની સાઠગાંઠને પુસ્તકમાં ખુલ્લી પાડી છે.